# ક્રીપ્ટોવાયર દ્વારા ભારતમાં ક્રીપ્ટોકરન્સીના પ્રથમ વૈશ્વિક ઈન્ડેક્સ 'આઈસી૧૫'નો પ્રારંભ

મુંબઈ તા.૩

ક્રીપ્ટોકરન્સી અને બ્લોકચેઈન ક્ષેત્રે જ્ઞાનનો પ્રસાર કરવાના ઉદ્દેશથી ક્રીપ્ટોવાયર ગ્લોબલ સુપર એપ દ્વારા ભારતમાં ક્રીપ્ટોકરન્સીના પ્રથમ વૈશ્વિક ઈન્ડેક્સ 'આઈસી૧૫'નો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. ટિકરપ્લાન્ટના સ્પેશ્યલ બિઝનેસ યુનિટ 'ક્રીપ્ટોવાયર'નો આ ઈન્ડેક્સ ક્રીપ્ટોકરન્સી માર્કેટને આવરી લેનારો નિયમ આધારિત વ્યાપક ઈન્ડેક્સ છે. જેમાં વિશ્વના અગ્રણી ક્રીપ્ટોકરન્સી એક્સચેન્જીસ પર લિસ્ટેડ ક્રીપ્ટોકરન્સીની કામગીરીનું પ્રતિબિંબ ઝીલવામાં આવે છે. એક્સચેન્જીસ પરની સૌથી વધુ પ્રવાહિતા ધરાવતી ટોચની ૧૫ ક્રીપ્ટોકરન્સીની કામગીરીને એમાં ટ્રેક કરવામાં આવે છે. ક્રીપ્ટોવાયરની યાદીમાં જણાવાયા મુજબ ગત કેટલાક વર્ષોમાં ક્રીપ્ટોકરન્સી એક એસેટ ક્લાસ બની ગઈ છે અને એમાં લોકોની રૂચી ઘણી વધી ગઈ છે. લોકો એનો સ્વીકાર કરવાની માનસિકતા ધરાવે છે. 'આઈસી૧૫' ઈન્ડેક્સ આ માર્કેટની હિલચાલના ૮૦ટકા કરતાં વધુ હિસ્સાનું પ્રતિબિંબ પાડે છે અને તેથી જ ફંડામેન્ટલ માર્કેટને ટ્રેક કરવામાં વધુ અસરકારક બને છે, એટલું જ નહી નિર્ણયો લેવા માટેના આધાર તરીકે તથા પારદર્શકતા વધારે એવું એ સાધન છે.

ક્રીપ્ટોવાયરના મેનેજિંગ ડિરેક્ટર-સીઈઓ જિગીશ સોનગરાએ કહ્યું છે કે ભારતના પ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ આઈસી૧૫ના લોન્ચિંગ દ્વારા અમે ક્રીપ્ટો અને બ્લોકચેઈન પરિતંત્રમાં જ્ઞાનનું વર્તુળ પરિપૂર્ણ કરવા માગીએ છીએ.